# બં.અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત સ્ટાર્ટઅપ પ્રોગ્રામ સેન્સીટાઈઝેશન વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું.

બં.અ. કૃષિ મહાવિદ્યાલય ના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત બી.એસ.સી.(એગ્રી) ના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ માટે "સ્ટાર્ટઅપ પ્રોગ્રામ સેન્સીટાઈઝેશન"વિષય ઉપર વ્યાખ્યાન તા.૧/૯/૨૦૨૧ ના રોજ કોલેજના ઓડીટોરીયમ ખાતે ગોઠવવામાં આવેલ હતું.

સ્ટાર્ટઅપ કાર્યક્રમના વિશેષ અનુભવી અને ઈકોસિસ્ટમ એક્ષપર્ટ શ્રી કરણ સરગરા એ પોતાની આગવી શૈલીમાં સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પ્રોગ્રામ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી તેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા માટે સ્ટાર્ટઅપ અંતર્ગત સફળ થયેલ એન્ટરપ્રીનિયોર ના ઉદાહરણ આપી, વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ પૂર્ણ થયાબાદ પોતાના રૂચિવાળા ક્ષેત્રમાં આઈડિયાને ચકાસવા અને આગળ ધંધામાં પરિવર્તિત કરવાઆ યોજનાનો લાભ લેવા જણાવ્યું હતું. કાર્યક્રમના અંતમાં પ્રશ્નોતરી દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રકારના પ્રોજેક્ટ કરવા બાબતે તૈયારી બતાવવામાં આવી હતી. કોલેજના આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ જો આ પ્રકારના સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ માટે પ્રાથમિક તૈયારીઓ કરી આગળ આવશેતો તેને આગળ ધપાવવા જરૂર જણાય તો તે માટે ખાસ વર્કશોપ નું આયોજન કરવામાં આવશે.

આ કાર્યક્રમનું સફળ આયોજન, અમલીકરણ અને સંચાલન કોલેજના આચાર્યશ્રી ડૉ.વાય.એમ.શુક્લા તથા કૃષિ વિસ્તરણ વિભાગના વડા ડૉ. જે.બી.પટેલ તેમજ મદદનીશ પ્રાધ્યાપક ડૉ.વિનયકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું.



